INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૬-૧-૨૦૨૪**

અમદાવાદ શહેરના ૧૧,૦૦૦ થી વધુ હોમગાર્ડ જવાનોને કમીશ્નરશ્રીની કચેરી તરફથી મંજૂરી ન મળતા હાલ પુરતી ફરજ પર હોમગાર્ડ જવાનોની ફાળવણી કરવામાં આવતી નથી, એક તરફ પોલીસ દળમાં મોટા પાયે ખાલી જગ્યા અને બીજીબાજુ હોમગાર્ડ જવાનોને ફરજની ફાળવણી ન થવાથી કાયદો વ્યવસ્થાની વધુ પરિસ્થિતી નાજુક થશે તેવી ભીતી વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી હિરેન બેંકરે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરની ૧ કરોડ જેટલી જનસંખ્યા પ્રમાણે કાયદો વ્યવસ્થા માટે પૂરતા પોલીસ જવાનોની સંખ્યા નથી. અમદાવાદ શહેરમાં વધતા જતા ગંભીર ગુન્હાઓની સંખ્યા ચિંતાજનક છે. હત્યા, ખૂન, ખંડણી, બળાત્કાર સહિત ગંભીર ગુન્હાઓ જે હદે વધી રહ્યાં છે, અસામાજિક તત્વો-ગુંડાતત્વો-બુટલેગરોને પોલીસનો ડર ઓછો થઈ ગયો હોય તેમ જણાય છે.

રાજ્યમાં સરકાર પાસે અસામાજિક પ્રવૃત્તીઓને નાથવા માટે પુરતો પોલીસ ફોર્સ પણ નહીં. કેન્દ્ર સરકારના અહેવાલ અનુસાર દેશનાં પ્રતિ લાખ જનસંખ્યા પ્રમાણે ૧૯૬ પોલીસ જવાનની જરૂર જેની સામે હાલ માત્ર ૧૫૨ પોલીસ જવાન છે. **ગુજરાતમાં પ્રતિલાખ જનસંખ્યા પ્રમાણે ૧૭૪ પોલીસ જવાન હોવા જોઈએ જેની ગુજરાતમાં પ્રતિલાખ માત્ર ૧૧૭ પોલીસ જવાન** છે જે **રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઓછા પોલીસ જવાન** છે.

અમદાવાદ શહેરના ૧૧,૦૦૦ કરતા વધુ હોમગાર્ડ જવાનોને નવા વર્ષથી મંજૂરીના અભાવે શહેરમાં ફરજ ફાળવણી કરવાનું મોકૂફ છે. હોમગાર્ડના જવાનોને નજીવા વેતનમાં પણ ફરજ બજાવતા હોય છે. **પોલીસ દળમાં મોટાપાયે ખાલી જગ્યા અને બીજીબાજુ ૧૧,૦૦૦ થી વધુ હોમગાર્ડ જવાનોને ફરજ મોકુફ કરવુ કેટલે અંશે વ્યાજબી ?** અમદાવાદ શહેરમાં વધતા જતા ચોરી લૂંટ, હુમલાના બનાવો દર્શાવે છે કે, પોલીસતંત્ર દ્વારા રાત્રીનું પેટ્રોલીંગ સદંતર બંધ કરવામાં આવ્યું હોય અથવા તો ઓછુ કરી દેવામાં આવેલ હોય તેમ જણાય છે. ત્યારે, શહેરના નાગરિકોની સલામતિ માટે પોલીસ દળને પૂરક હોમગાર્ડ જવાનોને ફરજ ફાળવણી કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

(હિરેન બેન્કર)
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ